# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદરમાં માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ કરાવ્યો.

2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું- ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવી સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો.

3) રાજ્યભરમાં આજે ભક્તિભાવપૂર્વક રામનવમીની ઉજવણી

4) ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિકે માત્ર 10 સેકન્ડમાં જમીન પરીક્ષણ કરે તેવું ઉપકરણ બનાવ્યું

5) IPLમાં, આજે હૈદરાબાદમાં ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MADHAVPUR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં માધવપુર ઘેડ મેળાનો પ્રારંભ કરાવ્યો. આ સાથે જ ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નોત્સવનો પણ પ્રારંભ થયો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયા, રાજ્યનાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં મંત્રી મુળૂભાઈ બેરા ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, ભગવાનશ્રી કૃષ્ણ અને માતા રૂક્ષ્મણીજીના લગ્નની યાદમાં માધવપુરનો લગ્ન મેળો યોજાય છે.

. . . . . . . . . . . . . .

# AMIT SHAH IFFCO

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું- ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવી સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે. ગાંધીનગરના કલોલ ખાતે ઇફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતી સમારોહમાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે ઇફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ પણ કર્યો હતો. શ્રી શાહે જણાવ્યું કે ઈફકોની ૫૦ વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે. તેમણે ઉમેર્યું કે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી' આગામી 50 વર્ષમાં સહકારિતા ક્ષેત્રે દેશની પ્રગતિની દિશા નક્કી કરશે.

(બાઇટ: અમિત શાહ )

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે 57 સહકારી મંડળીઓથી શરૂ થયેલી ઇફ્કોની આ યાત્રામાં આજે 36 હજારથી વધુ સહકારી મંડળીઓ જોડાઈ છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . . .

# RAMNAVAMI

રાજ્યભરમાં આજે રામનવમીની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમ દાવાદના મેમનગર સ્થિત રામજી મંદિરે દર્શન કર્યા હતા. શ્રી પટેલે આરતી ઉતારીને ભગવાનના આશીર્વાદ મેળવ્યા અને સૌને રામનવમીની શુભકામના પાઠવી હતી.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનીધી જયંતી ચૌધરી જણાવે છે કે , જિલ્લાના ખરોડ ગામે રામજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ તેમજ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

બનાસકાંઠામાં પણ રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનીધી સવજી ચૌધરી જણાવે છે કે , જિલ્લાના મોટા મોસરા, ચાંગડા ખાતે રામ મંદિરે મેળો ભરાયો હતો અને જિલ્લાના રામ મંદિરોમાં વિશેષ પૂજા સાથે શોભાયાત્રાઓ નીકળી હતી.

તો કચ્છ જિલ્લા નાં ભુજમાં ઐતિહાસિક રઘુનાથજી મંદિર ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ પરિવાર દ્વારા રામનવમીની રવાડીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર પોલીસ ભવન ખાતે ત્રિનેત્રની મુલાકાત લઈને રામનવમી નિમિત્તે રાજ્યમાં યોજાઇ રહેલી શોભાયાત્રાની સુરક્ષાની સમીક્ષા કરી હતી. તેમણે નાગરિકોને રામનવમીની શુભકામનાઓ આપતા કહ્યું કે , ગુજરાત પોલીસે રાજ્યમાં યોજાયેલી 552 શોભાયાત્રાને સુચારું રીતે સુરક્ષા પુરી પાડી છે.

. . . . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ રાજકોટના ગોંડલમાં ગોંડલમાં સરસ્વતી શીશુમંદિરના નવા બિલ્ડીંગનું ખાતમુહુર્ત કર્યું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ આ શીશુમંદિરમાં નવી પેઢી ભણે અને દેશના આદર્શ નાગરિક બને એવી ભાવના વ્યક્ત કરી.

**(બાઇટ: મનસુખ માંડવિયા – કેન્દ્રીય મંત્રી)**

અગાઉ સવારે શ્રી માંડવિયા 21 કિલોમીટર લાંબી ‘સાઈક્લો ફન-૨૦૨૫’માં ભાગ લીધો હતો. તેઓએ વિવેકાનંદ સોસાયટી પાસે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજ ફરકાવ્યો હતો.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GURUKUL SANMELAN - RAJYPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સુરેન્દ્રનગર જિલ્લાનાં ધ્રાંગધ્રામાં 'ગુજરાત ગુરુકુલ મહા સંમેલન 'નો પ્રારંભ કરાવ્યો. શ્રી દેવવ્રતે શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-ગુરુકુલ ખાતે યોજાયેલ આ મહા સંમેલનને ભારતની પ્રાચીન શિક્ષણ પદ્ધતિને જનમાનસ સુધી પહોંચાડવા માટેની એક સુંદર પહેલ ગણાવી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે , પ્રાચીન ગુરુકુળ શિક્ષણ પદ્ધતિમાં બાળક કેન્દ્રમાં હતું અને સૌનું સમાન રીતે ઘડતર થતું હતું. આ રીતે અભ્યાસ કરતાં બાળકમાં એકતા , સમાનતાનો ભાવ સહજ રીતે કેળવાય છે.

તેમણે નવી શિક્ષણનીતિ-૨૦૨૦ સમાજ નિર્માણ અને રાષ્ટ્ર ઘડતર માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના એકસોથી વધુ ગુરુકુળો અને શૈક્ષણિક સંસ્થાઓના સંતો , શિક્ષણવિદો, અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

# SOIL TESTING DEVICE

ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિકે માત્ર 10 સેકન્ડમાં સોઇલ ટેસ્ટિંગ કરી આપે તેવું ઉપકરણ બનાવ્યું છે. ડૉ.મધુકાંત પટેલે કૃત્રિમ બુદ્ધિમત્તા- AI અને સ્પેક્ટ્રોસ્કોપીનો ઉપયોગ કરી આ ઉપકરણ વિકસાવ્યું છે. જમીન ચકાસણી અને પ્રાકૃતિક ખેતીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવા AI સોઇલ એનાલાઇઝર ડિવાઇસ સક્ષમ છે. આ ઉપકરણ માટી પર પારજાંબલી, દ્રશ્યમાન અને પારરક્ત એમ ત્રણ પ્રકારના પ્રકાશ ફેંકીને માટીમાં રહેલા પોષકતત્ત્વોનું પ્રમાણ જાણી લે છે. આ અંગે ડૉ.મધુકાંત પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: ડૉ.મધુકાંત પટેલ – વૈજ્ઞાનિક)

. . . . . . . . . . . . . .

# WEATHER

આગામી બે દિવસ રાજ્યના તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 10 એપ્રિલ સુધી કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવ યથાવત રહેશે. આવતીકાલે કચ્છમાં હીટવેવને લઈને રેડ એલર્ટ તેમજ પોરબંદર , રાજકોટમાં અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ જ્યારે સુરેન્દ્રનગર, દીવ, જૂનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં યલો એલર્ટ અપાયું છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં નોંધાયેલા મહત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ, ભૂજ અને રાજકોટમાં 43 ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન નોંધાયું છે.

. . . . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPLમાં, આજે હૈદરાબાદમાં ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાશે. ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે. ત્રણ મેચમાંથી બે જીત સાથે ગુજરાતની ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા જ્યારે એક જીત સાથે હૈદરાબાદની ટીમ ટેબલમાં સૌથી નીચે છે.

. . . . . . . . . . . . . .

# NAVSARI TB

નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને DBT મારફત સહાય ચૂકવવામાં નવસારી જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે છે. જિલ્લામાં 100 દિવસ ક્ષય નાબૂદી કાર્યક્રમ 7 ડીસેમ્બર 2024 થી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં હાઇરીસ્ક હોય એવા કુલ બે લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાથી 45 હજાર 921ના એક્સ રે , 7 હજાર 690 ના ન્યુક્લીક એસિડ એમ્પ્લીફિકેશન ટેસ્ટ તથા 7 હજાર 382ની માઇક્રોસ્કોપી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાંથી 441 થી વધુ નવા કેસો શોધી કાઢવામાં આવ્યા હતા. જિલ્લામાં ટીબીના કારણે થતા મૃત્યુનો દર વર્ષ 2023 મા 6 ટકા હતો જે 2024માં ઘટીને 4 ટકા થયો છે.

. . . . . . . . . . . . . .

# CHOTAUDEPUR JAIL TALIM

છોટાઉદેપુર સબજેલમાં કેદીઓ સ્વનિર્ભર બને અને સ્વરોજગારી મેળવી પોતાના પરીવારનું ગુજરાન ચલાવી શકે તે હેતુથી જ્યુટ પ્રોડક્ટ ઉદ્યમી તાલીમ યોજાઇ હતી. જેમાં કેદીઓને શણમાંથી વોટર બેગ , પાકીટ, ફાઇલ ફોલ્ડર , ટેબલ મેટ, લેટર બોક્ષ તથા પગ લુછણીયા બનાવવાની તાલીમ અપાઈ. તાલીમના છેલ્લા દિવસે 32 પુરૂષ તથા 3 મહિલા કેદીઓની લેખિત , મૌખિક તથા પ્રેક્ટિકલ પરીક્ષા લેવાઈ હતી.

. . . . . . . . . . . . . .